## ગુજરાતગૌણસેવાપસંદગીમંડળ, ગાંધીનગર.

### જાહેરાત ક્રમાંક: ૮૪/૨૦૧૬૧૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા"પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત ક્રમાંક: ૮૪/૨૦૧૬૧૭ અન્વયે તા.૧૧/૦૬/૨૦૧૭ના રોજ આયોજીત લેખિત કસોટીમાં ઉત્તિર્ણ થતાં ઉમેદવારોની ભરતી પ્રક્રિયાના દ્વિતીય તબક્કા અન્વયે કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી તા.૩૦/૦૮/૨૦૧૭ના રોજ એલ. જે. કોલેજ કેમ્પસ, નાગદેવ કલ્યાણ મંદિરની બાજુમાં, દિવ્ય ભાસ્કર પ્રેસની સામે, સરખેજ- સાણંદ સર્કલ, એસ.જી. હાઇવે, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે લાયક ઠરેલ ઉમેદવારોએ તા.૨૩/૦૮/૨૦૧૭ના રોજ બપોરના ૧૪-૦૦ કલાકથી તા.૩૦/૦૮/૨૦૧૭ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક દરમ્યાન પોતાનો ઓનલાઇન પ્રવેશપત્ર – હાજરી પત્રક (કોલ લેટર) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે. ઓનલાઇન પ્રવેશપત્ર – હાજરી પત્રક (કોલ લેટર) "On Line" મેળવવા (ડાઉનલોડ કરવા) માટે તથા ઉમેદવારો માટેની સૂચનાઓ મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.inઉપરથી મેળવી શકાશે.

પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર) "On Line" મેળવવા માટે (ડાઉનલોડ કરવા માટે) ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં;

સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જવું.

હવે "Call Letter" પર Click કરવું. ત્યારબાદ Select job પર Click કરી જાહેરાત નંબર : ૮૪/૨૦૧૬૧૭ Select કરીને "Confirmation Number" તથા "Birth date" ટાઇપ કરીને ok પર click કરવાથી અલગ Window માં આપના Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક) સ્ક્રીન ઉપર દેખાશે. આપના Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જયારે ઉમેદવારો માટેની સૂચનાઓની પ્રીન્ટ ડાઉનલોડ કરવી ફરજીયાત છે.

**નોંધ** : (૧) Ojasવેબસાઇટ પરથી Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ કરતાં પહેલાં કોમ્પ્યુટર સાથે જોડેલ પ્રિન્ટરમાં A4 સાઇઝનું setup ગોઠવવું જરૂરી છે.

(૨) ઉમેદવારે જે તે સમયે ઓન લાઇન અરજી Confirm કર્યા બાદ મળેલ Confirmation Number અને અરજીમાં દર્શાવેલ Birth Date જ પ્રવેશપત્ર મેળવવા માટે વેબસાઇટમાં ટાઇપ કરવાની રહેશે. તો જ પ્રવેશપત્ર-હાજરીપત્રક ડાઉનલોડ થશે. જેની જવાબદારી ઉમેદવારની છે.

(૩) "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત ક્રમાંક: ૮૪/૨૦૧૬૧૭ અન્વયે કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટીના કોલ લેટર ડાઉનલોડ સંબંધી પૂછપરછ અંગે મંડળના કંટ્રોલ રૂમના ફોન નંબર : ૦૭૯ ૨૩૨ ૫૩૨૧ / ૫૩૬૨૭ ઉપર કચેરી સમય (૧૦-૩૦ થી ૬-૧૦ સુધી) દરમ્યાન જાહેર રજા સિવાય) સંપર્ક સાધવા ઉમેદવારોએ નોંધ લેવી. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટીના સમયે, કોલ લેટર- હાજરીપત્રકની પ્રિન્ટ રજૂ કરવી ફરજીયાત છે.

તારીખ : ૧૮/૦૮/૨૦૧૭ સચિવ

સ્થળ : ગાંધીનગર